# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## પંચાયત સેવા વર્ગ-૩ વર્ક આસિસ્ટન્ટ અને ટ્રેસર સંવર્ગ માટેની સીધી ભરતી અંગેની ટૂંકી જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ સંવર્ગની નીચે પત્રકમાં દર્શાવેલ ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે તા.૧૭/૦૫/૨૦૨૫ થી તા.૧૦/૦૬/૨૦૨૫ દરમ્યાન ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર નિયત સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ સામાન્ય વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી SBI E-Pay ના માધ્યમથી તા.૨૨-૦૫-૨૦૨૫ થી તા.૧૦-૦૬-૨૦૨૫ સુધી ભરવાની રહેશે. સંબંધિત સંવર્ગોની સીધી ભરતીની જગ્યા માટેની વિગતવાર જાહેરાત જેમાં વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, ઓનલાઇન અરજી કરવાની રીત તથા કેટેગરીવાઇઝ ભરવાપાત્ર જગ્યાઓ તેમજ અન્ય વિગતવાર જોગવાઇઓ/માહિતી/સુચના/શરતો દર્શાવતી વિગતવાર જાહેરાત માટે મંડળની કચેરીના નોટીસ બોર્ડ, મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in તથા ઓજસની વેબસાઇટ https://ojas.gujarat.gov.in જોવા જણાવવામાં આવે છે, જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | ભરવાપાત્ર કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા | માજી સૈનિક માટે અનામત જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય (જનરલ) (OC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | સા.શૈ. પછાત વર્ગ (SEBC) | અનુ. જાતિ (SC) | અનુ.જન જાતિ (ST) | | |
| ૧૭/૨૦૨૫-૨૬ | વર્ક આસિસ્ટન્ટ | ૯૯૪ | ૪૫૬ | ૮૪ | ૨૫૬ | ૫૩ | ૧૪૫ | ૫૨ | ૮૮ |
| ૧૮/૨૦૨૫-૨૬ | ટ્રેસર | ૨૪૫ | ૧૪૮ | ૧૨ | ૫૭ | ૬ | ૨૨ | ૧૬ | ૧૦ |
| કુલ | | ૧૨૩૯ | ૬૦૪ | ૯૬ | ૩૧૩ | ૫૯ | ૧૬૭ | ૬૮ | ૯૮ |

નોંધ:-

(૧) ઉપરોકત જગ્યાઓની સંખ્યામાં સરકારશ્રીની સુચનાને આધિન મંડળ જરૂર જણાયે વધ-ઘટ કે ફેરફાર કરી શકશે.

(૨) ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(3) ઉમેદવારોને ઓનલાઇન અરજી કરવા માટે છેલ્લા દિવસો સુધી રાહ નહી જોતા, વહેલી તકે ઓનલાઇન અરજી પત્રકમાં નિયત વિગતો પુરતી ચકાસણી સાથે ભરીને ઓનલાઇન અરજી કન્ફર્મ કરી, કન્ફર્મેશન નંબર (Confirmation Number) મેળવી લેવા જણાવવામાં આવે છે.

તા.૧૬-૦૫-૨૦૨૫ સચિવ